# अष्टमहाप्रातिहार्यवर्णनः अपभ्रंशभाषामय आठ पद्य

तीर्थंकर परमात्माना आठ महाप्रातिहार्यनां वर्णनो स्तोत्र स्तवन वगेरेमां पुष्क
मळे छे. सामान्य रीते आवा वर्णनो संस्कृत अने प्राकृत ग्रन्थोमां अने ते ते भाषामां मळे

अहीं आपवामां आवेला आठ पद्योमां आठ महाप्रातिहार्यनुं वर्णन छे ते अपभ्रं
भाषामां छे अने वत्थु(वस्तु) छंदमां छे. आ छंदमां अपभ्रंशभाषामां पुष्कळ साहित्य मळे
आ आठ पद्य एक पानामां आगळ-पाछळ थईने छे. अमे राजस्थान तरफना विहारमां हता त्य
एक गाममां आ प्रकीर्ण पानां जोवामां आव्या तेमां खूब झीणा अक्षरे आ आठ पद्य जोयां अ
तुरत कागळमां उतारी लीधां. आजे ए अहीं प्रकाशित करवानो अवसर मळ्यो छे.

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुंदुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वरस्य ॥
अहीं पण आज क्रममां वर्णन थयुं छे.

**अशोक वृक्ष :**

पहेलुं अशोकवृक्ष छे तेना वर्णनमां थोडां शब्दमां सुंदर चित्र उपसाव्युं छे.

अशोकवृक्ष ऊंचुं, गोळ, मृदुकोमळ वैडूर्यमणि जेवा पांदडावाळुं. वळी ते
पुष्पमां जे मकरन्द छे ते भ्रमरवृन्द वडे पीवाई रह्यो छे.

पवनना आंदोलन वडे ज्यारे अशोकवृक्ष डोलतुं होय त्यारे जाणे ते हर्षवश नृ
न करतुं होय तेम लागे छे. आवुं अशोकवृक्ष सूर्यना किरणोने रोकतुं महावीर स्वा
भगवाननी उपर शोभी रह्युं छे.

**पुष्पवृष्टि :**

जळमां उपजतां अने स्थळमां उपजतां विविध वर्णनां लाल लीलां पीळां
अने गुलाबी आम पांच वर्णनां सुगंधी पुष्पोनी वृष्टि देवो करतां रहे छे. आजानु-ढीं
सुधीनो ढगलो ए पुष्पोनो थतो होय छे. ए पुष्पोनी सुगंधथी खेंचाईने आवेला भ्रमरो प
त्यां छे अने ए बधां पुष्पोनां वृन्त-डींटडां नीचे अने पांखडी उपर होय छे. जाणे जिन
दर्शन करवा माटे आम मुख उपर न राख्या होय तेम शोभे छे.

**दिव्यध्वनि :**

हर्षथी विकसित वदन नयनवाळां हरणियां-ए वाणी ए ध्वनि सांभळी रह्यां
ए दिव्यध्वनिनो गंभीर घोष पाणीथी भरेला मेघना गर्जारव जेवो लागतो हतो. अज्ञान
तिमिरथी अंध बनेला भुवनना भाव प्रकट करवामां सज्ज एवी दिव्यध्वनि दशे दिशा

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रसरी रही. जाणे मोहनी गाढ निद्रामां डूबेलाने जगाडवा माटे ज न होय तेम ते निरंतर दिव्यध्वनि चालु रहे छे.

**चामर युगल :**

अत्यंत श्वेत एवा चामर प्रभुजीनी बन्ने बाजु ढळी रह्या छे. ए चामरनी सफेदाइ जोतां जाणे क्षीरसमुद्रना तरंग, शरद ऋतुना चन्द्रना किरण सरखा उज्ज्वळ ए वाळ हता. तेनो हाथो माणेकजडित सुवर्णमंडित हतो. सुरेन्द्र महाराजना करकमलमां ते शोभतां हतां. जाणे प्रभुना गुणगणथी प्रमुदित थईने वारंवार नमतां न होय तेम ते शोभी रह्या छे.

**सिंहासन :**

जातिवंत सुवर्णथी घडायेलुं मणिथी सुशोभित, ऊंचुं, पहोळुं, वच्चे कंईक ऊंचुं सिंहासन शोभतुं हतुं. निरुपम कांतिवाळुं जाणे रूपांतर पामेलो मेरु पर्वत न होय तेवुं सिंहासन हतुं.

**भामंडल :**

आकाशमां एक पण वादळ न होय अने सहस्रकिरण वाळो सूर्य होय तेवुं भामंडल शोभतुं हतुं. वीरभगवानना मस्तकनी पाछळना भागमां ए रहेलुं पृथ्वी उपरना अंधारने दूर करनारुं हतुं. सूर्ये जाणे जिननी सेवामां पोताना किरणो न मोकल्या होय तेवुं देदीप्यमान झळहळतुं भामंडल शोभतुं हतुं.

**देवदुंदुभि :**

देवदुंदुभिनो मधुर छतां मोटो अवाज अने तेना पडघाथी आकाश भराई गयुं. ते सांभळीने लोकोना कान चमकी जतां अने डोक ऊंची करीने जोतां. पशुगण पण कांपती आंखे ए सांभळतां अने दूर दूर जंगलमां चरतां होय तोय जिननी पासे बोलावती होय तेवी देवदुंदुभि शोभती हती.

**छत्रत्रय :**

मोटा मोतीनी माळा जेमां शोभी रही छे ते छत्रत्रयीनो विस्तार एवो छे के जाणे शरदना चन्द्रनुं मंडळ न होय तेवा छत्र हता. वळी कांतिमान, अने सुरगंगाना तरंग जेवा उज्ज्वळ हता. आवा त्रण छत्र आकाशमां शोभतां हतां.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (वस्तुछंद)

तुंगु वट्टलु मसिणु थुड-नालु
वेरुलिय - समु बहल-दलु घणु विसालु सम-साल-सालिउ।
मयरंद-लालस-भसल-पिज्जमाणकुसुमोह मालिकउ
पवणंदोल-पवाल-करु हरिसिं नच्चइ नाइ
वीरह उवरि **असोयतरु** रविकरपहहरु भाइ ॥१॥
विट-संठिय-सुरहि-गंधड्ढ
जलथल-यरु संभवह पंचवन्न-सुरगण-विमुक्किय
आजाणु उस्सेह तहिं, गंध-लुध्ध-भमरहं अचुक्किय
सहइ समंता जिणवरह वियसिय **कुसुमह** वुट्ठि।
जिण-दंसणि उप्फुल्ल-मुह नाइ पयासइ तुट्ठि ॥२॥
हरिस-वियासिय-वयण-णयणेहिं
हरिणेहिं सुय अइ रसिण विजिय-सजल-जलवाह-गज्जिय
अन्नाण-तिमिरंतरिय-भुवण-भाव-पायडण सज्जिय
**जिण-झुणि** पसरइ दस दिसिहिं तिहुअण-जणिय पणाम
नं गुरुतम-निद्दोवहय जण-पहिबोहण काम ॥३॥
खीरसायर-लहरि-डिंडीर
पंडुरयरु सरय-ससि-किरण-सरिस-चिहुरोह-सुंदरु।
माणिक्क-मांडिय-पवर-कणय-डंडु रंजिय-पुरंदरु
सुरवइ-कर-कमलट्ठिय **चामर जुयलु** ढलेइ
नावइ गुणगणु मुइय-मणु पुणु पुणु जिणह न मेइ ॥४॥
जच्च-कंचण घडिउ मणिचित्तु
उत्तुंगु वित्थर पवरु नमिय मज्झु पेरंत उध्धरु
बहुचित्त-विछुरिय-तणु पडिम-रुववर-सीह-सिंधुरु
**सीहासणु** तिहुयण-गुरुहु सोहइ निरुवमकंति
नं रूवंतरि मेरुगिरि, धारइ तणु गुरुभत्ति ॥५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अब्भ-वज्जिय-गयणि
रवि-किरण-नियरो व्व परिभासुरइ
विप्फुरंत-तणु-किरण-रइयह
नह-विवर-परिसक्किरह तिमिर-नियर-महि-वलय-मइयह
पसरंतह भामंडलह वीरह निरुवम साहेज्ज
जिणसेवहिं पडुविउ दिणयरि नियकिरणोहु ॥६॥
पउर पडिरव भरिय नह विवर
बहिरीकय-जण-सवण गुरु चमक्क-उक्कन्न-वयणेहि
आयन्निय-पसुगणेहि कंपमाण-तणु तरल-नयणेहिं
सुरदुंदुहि वज्जंत तहिं गुरु निग्घोस महंत
हक्कारइ जिण पासि किर सुर-नर दूरि चरंत ॥७॥
थूल-नितूल-विमल-विललुंत
मुत्तावलि मालियह सरय-सोम-मंडल-खन्नह
मणि-खंड-परिमंडियह हरतु सारगिरी-सरिस-वन्नह
तिहुयण पहु छत्तत्तयहं सोहइ उज्जलकंति
नं सुरसिंधु-पवाहु नियफेणहं संठियपंति ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org